**GUJARAT BILL NO. 3 OF 2021.**

**THE GUJARAT FIRE PREVENTION AND LIFE SAFETY MEASURES (AMENDMENT) BILL, 2021.**

***A BILL***

*further to amend the Gujarat fire Prevention and Life Safety Measures Act, 2013.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩ .**

**ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વિધેયક, ૨૦૨૧.**

**ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે સન ૨૦૨૧ના જાન્યુઆરી મહિનાની ૨૨-મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૨૦૧૩નો ગુજરાતનો**

**૨.** ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, પેટા-કલમ (૧)માં,- **સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

(૧) ખંડ (જ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(જ) "આકસ્મિક સેવા" એટલે આપત્તિ અથવા જ્યાં જીવન જોખમમાં હોય તેવી કોઇ સંભવિત ઘટનાના કિસ્સામાં પૂરી પાડવી જરૂરી હોય તેવી સેવાઓ;";

(૨) ખંડ (ડ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(ડ) “અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય (પગલાં)” એટલે આગ લાગવાના કિસ્સામાં, અગ્નિનિવારણ, જીવન સુરક્ષા અને આગને કાબૂમાં રાખવા, આગ નિયંત્રણ અને આગ હોલાવવાના સંબંધમાં અને જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા માટે, જીડીસીઆર (GDCR) અનુસાર જરૂરી હોય તેવા અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય ઇમારત અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ફરમાવવામાં આવ્યા હોય તેવા ઉપાય (પગલાં);”;

(૩) ખંડ (ત)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(ત) “અગ્નિ સલામતી અધિકારી (ફાયર સેફ્ટી ઓફિસર)” એટલે અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરવા માટે અને આ અધિનિયમ હેઠળ હાથ ધરવી જરૂરી હોય તેવી અન્ય સંબંધિત પ્રવૃતિઓ માટે, આ અર્થે ઠરાવ્યા પ્રમાણેની ચોક્કસ જગાઓ અને બાંધકામો (મકાનો)ના માલિકો અને ભોગવટો કરનારાઓ દ્વારા, આ અધિનિયમની કલમ ૧૨ હેઠળ અગ્નિ સલામતી અધિકારી તરીકે નિમાયેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓનું એસોસિએશન;”;

(૪) ખંડ (દ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

“(દ) “જી.ડી.સી.આર. (GDCR)” એટલે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઇઓ હેઠળ કરેલા સર્વગ્રાહી સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો, ૨૦૧૭;”.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૧૨ બદલવા બાબત.

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨-ને બદલે, નીચેની કલમ મૂકવી:-

અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક.

**“૧૨.** (૧) ઠરાવવામાં આવે તેવા બાંધકામો અથવા જગાઓમાં સારી મરામત અને કાર્યક્ષમ સ્થિતિમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોનું અસરકારક સંચાલન સુનિશ્ચિત કરવા માટે, માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, કલમ ૨૧ હેઠળ કાઢી આપવામાં આવેલા અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રની મુદત પૂરી થાય તેના ઓછામાં ઓછા બે મહિના પહેલાં, આવા અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રને તાજું કરવા માટે, ઠરાવવામાં આવે તેવી લાયકાત અને અનુભવ ધરાવતા અને તેવી ફરજો બજાવવા માટે, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઇશે;

(૨) માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, ડિરેક્ટર (નિયામક) દ્વારા નોંધણી કરાયેલા અગ્નિ સલામતી અધિકારીઓની યાદીમાંથી અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અગ્નિ સલામતી અધિકારીની જગા રાજીનામાના કારણસર અથવા અન્યથા ખાલી પડે તેવા કિસ્સામાં, માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, તાત્કાલિક અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઇશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણે અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવામાં ન આવે તેવા કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી, પોતાને જરૂરી જણાય તેવાં પગલાં લઇ શકશે.".

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા કોઈ સત્તામંડળની અગ્નિશમન સેવાને લગતી કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારીને, બીજા કોઈ સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા વ્યક્તિની અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિની જરૂરિયાત હોય, ત્યારે તે, હુકમથી, કોઈ પણ વિસ્તારમાં, આગ બુઝાવવાના હેતુ માટે, એવી સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ માંગી શકશે અને તે સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા યથાપ્રસંગ, વ્યક્તિ પાસેથી તેનો કબજો લઇ શકશે.".

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૧૬ બદલવા બાબત.

કરાર કરવાની સત્તા.

"**૧૬.** કલમ ૧૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સત્તામંડળના પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા બીજા કોઈ અધિકારી, કોઈ વિસ્તારમાં બનતી આગની ઘટના અંગે તજવીજ કરવાના હેતુ માટે, અગ્નિશમન સેવાના હેતુઓ માટે કર્મચારીઓની નિમણૂક કરતી અથવા સાધનો

નિભાવતી અથવા તે બંને કાર્યો કરતી કોઈ વ્યક્તિ સાથે, ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ, તે (સહાય) મેળવવા અંગેનો કરાર કરી શકશે.''.

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમના પ્રકરણ ૪ના શીર્ષકનો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૪ના વિદ્યમાન શીર્ષકને બદલે, નીચેનું શીર્ષક મૂકવું:-

**"અગ્નિશમન સેવા પૂરી પાડતા કર્મચારીઓ અને અગ્નિ સલામતી અધિકારીઓને તાલીમ".**

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમમાં નવી કલમ ૧૭ક દાખલ કરવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

અગ્નિ સલામતી અધિકારીઓએ તાલીમ લેવા બાબત.

"**૧૭ક.** (૧) અગ્નિ સલામતી અધિકારીઓએ, ઠરાવવામાં આવે તેવી તાલીમ લેવી જોઈશે.

(૨) રાજ્ય સરકાર, પેટા-કલમ (૧)માં જણાવેલી તાલીમ પૂરી પાડવા માટે, પોતાને ઉચિત જણાય તેટલી ફી અને તેવી કાર્યરીતિ ઠરાવી શકશે.".

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૧૯-નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ક) મકાનના ઉપયોગનું પ્રમાણપત્ર કાઢી આપવાની સત્તા આપેલી હોય તેવા કોઇપણ સત્તામંડળે, પોતાને એવી ખાતરી થાય કે માલિકે અથવા ભોગવટો કરનારે, વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે, કલમ ૧૮ની જોગવાઇઓનું પાલન કર્યું છે અને અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર મેળવ્યું છે તે સિવાય તે (પ્રમાણપત્ર) કાઢી આપવું જોઇશે નહિ;";

(૨) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) બાંધકામ અથવા તેના ભાગ માટે, વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે, જવાબદાર હોય તેવા માલિકોએ અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારાઓએ, કલમ ૧૮ની જોગવાઇઓ

હેઠળ ફરમાવ્યા પ્રમાણે, લાઇસન્સ ધરાવતી એજન્સી દ્વારા કાઢી આપવામાં આવેલું અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોના પાલન સંબંધી પ્રમાણપત્ર, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુક્ત અધિકારીને પૂરું પાડવું જોઇશે.".

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં,- સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

(૧) પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૫) અગ્નિ સલામતી અધિકારીએ, કલમ ૧૮ની જરૂરિયાતના સંબંધમાં, વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો (સાધનો)ની જાળવણી અને તેની કાર્યલક્ષી સ્થિતિની ચકાસણી કરવી જોઇશે અને તે સારી મરામત અને કાર્યક્ષમ કાર્યલક્ષી સ્થિતિમાં છે તેવી ખાતરી થયેથી, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરી શકશે.";

(૨) હાંસિયાની નોંધમાં, "મોકુફી, સમાપ્તિ અને શિક્ષા." એ શબ્દોને બદલે, "અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર કાઢી આપવા અને રદ કરવા બાબત." એ શબ્દો મૂકવા.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૯માં,- સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૩૯નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ગક) કલમ ૨૧ની પેટા-કલમ (૫) હેઠળ, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો અને સાધનોનાં ખરેખર પાલન અથવા નિભાવ કર્યા વિના, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરી આપે;";

(૨) ખંડ (ઝ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ નિયામક, અગ્નિ સલામતી અધિકારી દ્વારા કોઇ ફરજ નિભાવવામાં કસૂર થવાના કિસ્સામાં, તેની નામ-નોંધણી, સ્થગિત, મોકૂફ રાખી શકશે અથવા રદ પણ કરી શકશે.".

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨-ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૪૨ બદલવા બાબત.

સન ૧૮૬૦નો

માહિતી આપવામાં ચૂક કરવા બાબત.

"**૪૨.** આગ ફાટી નીકળવાને લગતી તેની પાસેની માહિતી આપવામાં કોઇ વાજબી કારણ વિના નિષ્ફળ જાય તેવી કોઇપણ વ્યક્તિએ, ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૧૭૬ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો હોવાનું ગણાશે.".

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૪૬ બદલવા બાબત.

**૧૨.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬ને બદલે, નીચેની કલમ મૂકવી:-

અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવક ગણાશે.

"**૪૬.** (૧) દરેક અધિકારી અથવા કર્મચારી, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક છે એમ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫-મો.

(૨) અગ્નિ સલામતી અધિકારી, આ અધિનિયમ હેઠળ રાજ્ય સેવક તરીકે ગણાશે નહિ.".

સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા અધિનિયમની કલમ ૫૭નો સુધારો.

**૧૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૭માં, પેટા-કલમ (૨)માં,-

(૧) ખંડ (ઝ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ઝ) કલમ ૧૨-ની પેટા-કલમ (૧) હેઠળ અગ્નિ સલામતી અધિકારીની દરેક કક્ષાના ધોરણો, લાયકાત, અનુભવ અને ફરજો ઠરાવવા બાબત;";

(૨) ખંડ (થ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(થક) કલમ ૧૭-ક હેઠળ તાલીમ આપવા માટેની ફી અને કાર્યરીતિ ઠરાવવા બાબત;".

રદ કરવા બાબત અને અપવાદ.

**૧૪.** (૧) ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વટહુકમ, ૨૦૨૧, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૨૧નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૩જો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કૃત્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩નો સરળ, યોગ્ય અને પારદર્શક રીતે અસરકારક અમલ કરવામાં આવે અને બાંધકામોના અગ્નિ સલામતી મંજૂરીના પ્લાન, અગ્નિ સલામતી વિષયક મંજૂરી આપવા અને સામયિક ધોરણે તેને તાજી કરવાને લગતી, અગ્નિ સલામતી અધિકારીના રજિસ્ટ્રેશન અને નિમણૂકને લગતી, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરવાને લગતી કાર્યરીતિ, સરળ અને પારદર્શક રીતે હાથ ધરવામાં આવે અને રાજ્યના લોકોને અગ્નિશમન સેવાઓ ઉપલભ્ય કરી શકાય અને જેનાથી અગ્નિ વિષયક અકસ્માતો નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડી શકાય તેવું સુનિશ્ચિત કરવા માટે, સદરહુ અધિનિયમની કલમો ૨, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૩૯, ૪૨, ૪૬ અને ૫૭ની વિદ્યમાન જોગવાઇઓ સુધારવા ધાર્યું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) વટહુકમ, ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**નીતિન પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે:-

**કલમ ૩.-** આ કલમથી બદલવા ધારેલી કલમ ૧૨-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જે બાંધકામો અને જગાઓના માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રની મુદત પૂરી થાય તેના ઓછામાં ઓછા બે મહિના પહેલાં, આવા અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રને તાજું કરવા માટે, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઇશે તે બાંધકામો અને

જગાઓ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; આ કલમથી, રાજ્ય સરકારને, અગ્નિ સલામતી અધિકારીએ ધરાવવાની લાયકાત અને અનુભવ તેમજ તેવા અગ્નિ સલામતી અધિકારીએ બજાવવાની ફરજો પણ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

**કલમ ૫.-** આ કલમથી બદલવા ધારેલી કલમ ૧૬થી, રાજ્ય સરકારને, જે બોલીઓ અને શરતોને અધીન રહીને, કોઈ સત્તામંડળના પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા બીજા કોઈ અધિકારી, કોઈ વિસ્તારમાં બનતી આગની ઘટના અંગે તજવીજ કરવાના હેતુઓ માટે કર્મચારીવર્ગની નિમણૂક કરતી હોય અથવા સાધનો નિભાવતી હોય અથવા તે બંને કાર્યો કરતી હોય તેવી કોઈપણ વ્યક્તિ સાથે કરાર કરી શકશે તેવી બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

**કલમ ૭.-** (૧) આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૭ ક-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, અગ્નિ સલામતી અધિકારીએ લેવાની તાલીમ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૭ ક-ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, અગ્નિ સલામતી અધિકારીને તાલીમ પૂરી પાડવા માટેની ફી અને તે અંગેની કાર્યરીતિ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૧. **નીતિન પટેલ.**

## પુરવણી

## ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧-મા ) માંથી ઉતારા

---

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

ખંડો (ક) થી (છ) xxx xxx xxx

(જ) "**આકસ્મિક સેવા**" એટલે માનવનિર્મિત કે કુદરતી આપત્તિ અથવા જયાં જીવન જોખમમાં હોય તેવી કોઇ પરિસ્થિતિમાં પૂરી પાડવી જરૂરી હોય તેવી સેવાઓ;

ખંડો (ઝ) થી (ઠ) xxx xxx xxx

(ડ) "**અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય (પગલાં)**" એટલે આગ લાગવાના કિસ્સામાં, અગ્નિનિવારણ, નિયંત્રણ અને શમન માટેના અને જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા માટે તત્સમયે અમલમાં હોય તેવા બાંધકામને લગતાં પેટા-કાયદા અનુસાર જરૂરી હોય તેવા અથવા કોઈ કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય ઈમારત અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ફરમાવવામાં આવ્યા હોય તેવા પગલાં;

ખંડ (ઢ) xxx xxx xxx

(ત) "**અગ્નિ સલામતી અધિકારી (ફાયર સેફટી ઓફીસર)**" એટલે આ અર્થે નિર્દિષ્ટ કરેલ ચોક્કસ જગ્યાઓ અને બાંધકામો(મકાનો)માં અગ્નિનિવારણ અને આગ બચાવ માટેના પગલાં લેવાનું સુનિશ્ચિત કરવા માટેના સાધનો સ્થાપિત (ઇન્સ્ટોલ) કરેલ હોય, તેવી જગ્યાઓ અને બાંધકામો (મકાનો)ના માલિકો અને ભોગવટો કરનારાઓ દ્વારા આ અધિનિયમની કલમ ૧૨ હેઠળ અગ્નિ સલામતી અધિકારી તરીકે નીમાયેલ વ્યક્તિ;

ખંડ (થ) xxx xxx xxx

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

(દ) "જી.ડી.સી.આર. **(GDCR)** " એટલે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ત) હેઠળ કરેલા સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો;

અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક.

**૧૨.** (૧) રાજય સરકારે, હુકમથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બાંધકામો અથવા જગાઓમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો લેવાનું સુનિશ્ચિત કરવા માટે, દરેક ફેક્ટરી અથવા માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે,

(૧) ઠરાવવામાં આવે તેવી લાયકાતો ધરાવનારની અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઈશે;

(૨) કલમ ૧૮ હેઠળ, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારીને અનુપાલન અહેવાલ મોકલવો જોઈશે.

(૨) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ આવી રીતે નીમાયેલા અગ્નિ સલામતી અધિકારીને, ઠરાવેલા નમૂનામાં, તેની સહી અને કચેરીના સીલવાળું નામ નોંધણી પ્રમાણપત્ર કાઢી આપી શકશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલા અગ્નિ સલામતી અધિકારીની જગા રાજીનામાના કારણસર અથવા અન્યથા ખાલી પડે તેવા કિસ્સામાં, ફેક્ટરી અથવા માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, તાત્કાલિક અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણે અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવામાં ન આવે તેવા કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં લઈ શકશે, જેમાં ફેક્ટરી બંધ કરવા માટે શ્રમ આયુકત (લેબર કમિશનર)ને અને અન્ય કિસ્સામાં સંબંધિત કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરવા માટે સંબંધિત સત્તાધિકારીને રિપોર્ટ કરવા સંબંધી બાબતોનો સમાવેશ થાય છે.

અગ્નિશમન સેવાને લગતી સાધનસંપત્તિની માંગણી કરવા બાબત.

**૧૩.** (૧) નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા કોઈ સત્તામંડળની અગ્નિશમન સેવાને લગતી કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારીને, બીજા કોઈ સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા વ્યક્તિની અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિની

જરૂરિયાત હોય, ત્યારે તે, હુકમથી, કોઈ પણ વિસ્તારમાં આગ બુઝાવવાના હેતુ માટે, એવી સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ માંગી શકશે અને તે સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા યથાપ્રસંગ, વ્યક્તિ પાસેથી તેનો કબજો મેળવી શકશે.

પેટા-કલમો (૨) અને (૩) xxx xxx xxx

**૧૬.** કલમ ૧૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સત્તામંડળના પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા બીજા કોઈ અધિકારી, કર્મચારીઓની નિમણૂક કરતી અથવા સાધનો નિભાવતી અથવા તે બંને કાર્યો કરતી કોઈ વ્યક્તિ સાથે, ઠરાવવામાં આવે તેવી શરતોએ, કોઈ વિસ્તારમાં બનતી આગની ઘટના અંગે તજવીજ કરવાના હેતુ માટે, તે વ્યક્તિ પાસેથી સહાય મેળવવા અંગેના કરાર કરી શકશે. કરાર કરવાની સત્તા.

## અગ્નિશમન સેવા પૂરી પાડતા કર્મચારીઓને તાલીમ

**પ્રકરણ ૪-નું શીર્ષક.**

**૧૮.(૧)** તત્સમયે અમલમાં હોય તેવા રાજયમાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટેનાં પગલાંને લગતાં બીજા કોઇ કાયદા અથવા નિયમો, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો અથવા તે હેઠળ કરેલાં બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, આવાસન મંડળીએ અથવા માલિકે અથવા જ્યાં માલિક શોધી શકાય તેમ ન હોય ત્યાં મકાન વિનિયમોમાં વર્ગીકૃત કર્યા પ્રમાણેના, અથવા તેના કોઇપણ ભાગને લગતા વ્યકિતગતપણે અથવા સંયુકતપણે જવાબદાર હોય તેવા ભોગવટો કરનારે, તેમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને લગતી જોગવાઇ કરવી જોઇશે : **અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને માટેની જરૂરિયાત.**

પરંતુ માલિકે અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારે,-

(૧) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ન્યૂનતમ અગ્નિશમન અને જીવન સુરક્ષા માટે સ્થાપન કરવામાં આવે તેવા ઉપકરણોની જોગવાઇ કરવી જોઇશે;

(૨) વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે અને તેમાં કરેલાં વિશિષ્ટ વિગતવર્ણનોને આધારે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને તમામ સમયે ચાલુ સ્થિતિમાં જાળવવાં જોઇશે.

(૨) આવી રીતે કરેલાં વિનિયમો, રાજપત્રમાં જાહેર કરવાં જોઇશે.

અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો માટેનાં પાલનની રીત.

**૧૯.** (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં,-

(ક) સત્તા આપેલી હોય તેવા કોઇપણ સત્તાધિકારીએ, ભોગવટા પ્રમાણપત્ર આપવું જોઇશે નહિ સિવાય કે તેને એવી ખાતરી થાય કે માલિકે અથવા ભોગવટો કરનારે, વ્યકિતગતપણે અથવા સંયુકતપણે, કલમ ૧૮ની જોગવાઇઓનું પાલન કર્યું છે;

(ખ) XXX XXX XXX

(૨) XXX XXX XXX

(૩) બાંધકામ અથવા તેના કોઇ ભાગ માટે વ્યકિતગતપણે અથવા સંયુકતપણે જવાબદાર હોય તેવા માલિકોએ અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારાઓએ, કલમ ૧૮ની જોગવાઇઓ હેઠળ ફરમાવ્યા પ્રમાણે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોનાં પાલન સંબંધી લાઇસન્સ ધરાવતી એજન્સીએ બહાર પાડેલાં વિનિયમોથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનાં નિભાવ અને અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોની કામગીરી અંગેની સ્થિતિ સંબંધી પ્રમાણપત્ર, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારીને પૂરું પાડવું જોઇશે.

મોકૂફી, સમાપ્તિ અને શિક્ષા.

**૨૧.** XXX XXX XXX

ગુના અને શિક્ષા.

**૩૯.** (૧) જે કોઇ વ્યકિત, નીચે પૈકીની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે,-

ખંડો (ક) થી (જ) XXX XXX XXX

(ઝ) કલમ ૨૯ની પેટા-કલમ (૨) હેઠળ, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો અને સાધનોનાં ખરેખર પાલન અથવા નિભાવ વિના, કલમ ૧૯ની પેટા-કલમ (૩) હેઠળનું પ્રમાણપત્ર આપે;

(૨) અને (૩) XXX XXX XXX

સન ૧૮૬૦નો ૪૫મો. **૪૨.** કોઇપણ વ્યકિત, જે આગ ફાટી નિકળવા સંબંધી તેના કબજા હેઠળની માહિતી પહોંચાડવામાં કોઇ વાજબી કારણ વિના ચૂક કરે, તો તેણે ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૭૬ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો ગણાશે. માહિતી આપવામાં ચૂક કરવા બાબત.

સન ૧૮૬૦નો ૪૫મો. **૪૬.** દરેક અધિકારી અથવા કર્મચારી, આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઇ નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક છે એમ ગણાશે. અધિકારીઓ અને કર્મચારીઓ રાજયસેવક ગણાશે.

**૫૭.** (૧) XXX XXX XXX નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકશે:-

ખંડો (ક) થી (જ) XXX XXX XXX

(ઝ) કલમ ૧૨ ની પેટા-કલમ(૧) હેઠળ અગ્નિ સલામતી અધિકારીની દરેક કક્ષાના ધોરણો અને લાયકાત ઠરાવવા બાબત;

ખંડો (ટ) થી (ય) XXX XXX XXX

(૩) અને (૪) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩ .]

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,

નાયબ મુખ્ય મંત્રીશ્રી]

(સન ૨૦૨૧ના ફેબ્રુઆરી મહિનાની ૨૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

## THE GUJARAT FIRE PREVENTION AND LIFE SAFETY MEASURES (AMENDMENT) BILL, 2021.

## GUJARAT BILL NO. 3 OF 2021.

### *A BILL*

*further to amend the Gujarat Fire Prevention and Life Safety Measures Act, 2013.*

It is hereby enacted in the Seventy-second Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Fire Prevention and Life Safety Measures (Amendment) Act, 2021.

(2) It shall be deemed have come into force on the 22nd January, 2021.

Amendment of section 2 of Guj. 11 of 2013.

**2.** In the Gujarat Fire Prevention and Life Safety Measures Act, 2013 (hereinafter referred to as "the principal Act"), in section 2, in sub-section (1), - Guj. 11 of 2013.

(i) for clause (g), the following clause shall be substituted, namely:-

"(g) "emergency services" means services required to be rendered in case of disaster or any eventuality where the life is at risk;";

(ii) for clause (k), the following clause shall be substituted, namely:-

"(k) "fire prevention and life safety measures" means such measures as are necessary in accordance with the GDCR or as required by or under the provisions of any law or the National Building Code of India, for the time being in force, with regard to fire prevention, life safety and fire protection for containment, control and extinguishing of fire and for ensuring the safety of life and property in case of fire;";

(iii) for clause (m), the following clause shall be substituted, namely:-

"(m) "Fire Safety Officer" means a person or an association of persons appointed under section 12 of this Act as the Fire Safety Officer by the owners and occupiers of certain premises and buildings as prescribed in this behalf for renewal of fire safety certificate and such other related activities required to be carried out under this Act;";

(iv) for clause (o), the following clause shall be substituted, namely:-

"(o) "GDCR" means the Comprehensive General Development Control Regulations, 2017 made under the provisions of the Gujarat Town Planning and Urban Development Act, 1976;". President's Act No. 27 of 1976.

Substitution of section 12 of Guj. 11 of 2013.

**3.** In the principal Act, for section 12, the following section shall be substituted, namely:-

Appointment of Fire Safety Officer.

"**12.** (1) To ensure the effective operation of fire prevention and life safety measures in good repair and efficient condition

in such buildings or premises as may be prescribed, the owner and occupier or occupiers individually or jointly, as the case may be, atleast two months prior to expiry of fire safety certificate issued under section 21, shall appoint a Fire Safety Officer, for renewal of such fire safety certificate, having such qualification and experience and duties to be performed as may be prescribed;

(2) The owner and occupier or occupiers, individually or jointly, as the case may be, shall appoint Fire Safety Officer from the list of fire safety officers enrolled by the Director.

(3) In case of a vacancy of the Fire Safety Officer appointed under sub-section (1), either on resignation or otherwise, the owner and occupier or occupiers individually or jointly, as the case may be, shall be required to immediately appoint the fire safety officer.

(4) In case of non-appointment of the Fire Safety Officer, as envisaged under sub-section (1), the Regional Fire Officer or the Chief Fire Officer, as the case may be, may take such steps as he deems necessary.".

**4.** In the principal Act, in section 13, for sub-section (1), the following sub-section shall be substituted, namely:- **Amendment of section 13 of Guj. 11 of 2013.**

"(1) Where, the Director or the Regional Fire Officer or the Chief Fire Officer or any other Fire Officer of any authority, who is in-charge of a fire fighting operation requires fire-fighting equipment or property of any other authority or any institution or individual, he may by order requisite such equipment or property for the purpose of extinguishing fire in any area and take possession thereof from the authority or any institution or individual, as the case may be.".

**5.** In the principal Act, for section 16, the following section shall be substituted, namely:- **Substitution of section 16 of Guj. 11 of 2013.**

Power to enter into agreement.

"**16.** Notwithstanding anything contained in section 14, the Regional Fire Officer or the Chief Fire Officer of any authority or any other officer authorised in this behalf, may enter into agreement with any person who employs and maintains personnel or equipment or both for fire-fighting purposes, to secure, on such terms and conditions as may be prescribed, for the purpose of dealing with fires occurring in any area.

Amendment of heading of Chapter IV of Guj. 11 of 2013.

**6.** In the principal Act, for the existing heading of Chapter IV, the following heading shall be substituted, namely:-

**"TRAINING TO FIRE PERSONNEL AND FIRE SAFETY OFFICERS"**.

Insertion of new section 17A in Guj. 11 of 2013.

**7.** In the principal Act, after section 17, the following section shall be inserted, namely:-

Fire Safety officers to undergo training.

"**17A.** (1) The Fire Safety Officers shall have to undergo such training as may be prescribed.

(2) The State Government may prescribe such fees and such procedure as it may deem fit for providing the training mentioned in sub-section (1).".

Amendment of section 19 in Guj. 11 of 2013.

**8.** In the principal Act, in section 19,-

(i) in sub-section (1), for clause (a), the following clause shall be substituted, namely:-

"(a) no authority empowered to issue the Building Use Certificate, shall issue the same, unless it is satisfied that the owner or the occupier, either individually or jointly, has complied with the provisions of section 18 and has obtained a fire safety certificate;";

(ii) for sub-section (3), the following sub-section shall be substituted, namely:-

"(3) The owners or occupiers, as the case may be, who are liable individually or jointly, for the building or part thereof, shall furnish to the Regional Fire Officer or the Chief Fire Officer or the nominated officer, a certificate regarding the compliance of the fire prevention and life safety measures as required under the provisions of section 18 issued by a Licensed Agency.".

**Amendment of section 21 of Guj. 11 of 2013.**

**9.** In the principal Act, in section 21,-

(i) after sub-section (4), the following sub-section shall be added, namely:-

"(5) The Fire Safety Officer, with regard to the requirement of section 18, shall check the maintenance and operational condition of fire prevention and life safety measures as specified in the regulations and on satisfaction that these are in good repair and efficient operational condition, may issue the fire safety certificate renewal.";

(ii) in the marginal note, for the words "Suspension, termination and punishment", the words "Issuance and cancellation of fire safety certificate" shall be substituted.

**Amendment of section 39 of Guj. 11 of 2013.**

**10.** In the principal Act, in section 39,-

(i) in sub-section (1), after clause (c), the following clause shall be inserted, namely:-

"(ca) under sub-section (5) of section 21 giving a fire safety certificate renewal without there being actual compliance or maintenance of fire prevention and life safety measures and equipment;";

(ii) to clause (h), the following proviso shall be inserted, namely:-

"Provided that enrolment of fire safety officer may also be kept in abeyance, suspended or revoked by the Director, in case of dereliction of any duty by the Fire Safety Officer.".

**Substitution of section 42 of Guj. 11 of 2013.**

**11.** In the principal Act, for section 42, the following section shall be substituted, namely:-

**Failure to give information.**

"**42**. Any person who without adequate justification fails to communicate information in his possession regarding an outbreak of fire shall be deemed to have committed an offence punishable under section 176 of the Indian Penal Code, 1860. **45 of 1860.**

**Substitution of section 46 of Guj. 11 of 2013.**

**12.** In the principal Act, for section 46, the following section shall be substituted, namely:-

**Officers and employees to be public servant**

"**46.** (1) Every officer or employee shall, when acting or purporting to act in pursuance of the provisions of this Act or of any rule or regulation made thereunder, shall be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code, 1860. **45 of 1860.**

(2) The Fire Safety Officer shall not be considered as public servant under this Act.".

**Amendment of section 57 of Guj. 11 of 2013.**

**13.** In the principal Act, in section 57, in sub-section (2),-

(i) for clause (h), the following clause shall be substituted, namely:-

"(h) prescribing the norms, qualification, experience and duties of the each category of Fire Safety Officer under sub-section (1) of section 12;";

(ii) after clause (n), the following clause shall be inserted, namely:-

"(na) prescribing the fee and the procedure for providing training under section 17A;".

Guj. Ord. 3 of 2021.

**14.** (1) The Gujarat Fire Prevention and Life Safety Measures (Amendment) Ordinance, 2021 is hereby repealed. **Repeal and saving.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The existing provisions of sections 2, 12, 13, 16, 17, 19, 21, 39, 42, 46 and 57 of the Gujarat Fire Prevention and Life Safety Measures Act, 2013 have been proposed to be amended to ensure that the said Act is implemented effectively in a simplified, appropriate and transparent manner and procedure related to fire safety approval plans of buildings, fire safety approval and its renewal on periodic basis, registration and appointment of Fire Safety Officer, renewal of fire safety certificate is carried out in a simplified and transparent manner and the fire services can be made available to the people of the State and thereby the fire related accidents are reduced significantly.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Gujarat Fire Prevention and Life Safety Measures (Amendment) Ordinance, 2021 was promulgated to achieve the aforesaid objects. This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

**NITIN PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 3.***- Sub-section (1) of section 12 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the buildings and premises in which the owner and occupier or occupiers individually or jointly, as the case may be, atleast two months prior to expiry of fire safety certificate, shall appoint a Fire Safety Officer, for renewal of such fire safety certificate; it also empowers the State Government to prescribe by rules, the qualification and experience possessed by the Fire Safety Officer and duties to be performed by such Fire Safety Officer;

*Clause 5.-* Section 16 proposed to be substituted by this clause empowers the State Government to prescribe by rules, the terms and conditions subject to which the Regional Fire Officer or the Chief Fire Officer of any authority or any other officer authorised in this behalf, may enter into agreement with any person who employs and maintains personnel or equipment or both for fire-fighting purposes dealing with fires occurring in any area;

*Clause 7.-* (i) Sub-section (1) of new section 17A proposed to be inserted by this clause empowers the State Government to prescribe by rules, the training to be undergone by the Fire Safety Officer;

(ii) sub-section (2) of new section 17A proposed to be inserted by this clause empowers the State Government to prescribe by rules, the fees and the procedure for providing the training to the Fire Safety Officer.

The delegation of legislative powers, as aforesaid, is necessary and is of a normal character.

Dated the 27th February, 2021. **NITIN PATEL.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT FIRE PREVENTION AND LIFE SAFETY MEASURES ACT, 2013.

**(Guj. 11 of 2013)**

---

**Definitions.** **2.** (1) In this Act, unless the context otherwise requires, —

clauses (a) to (f) XXX XXX XXX

(g) **"emergency services"** means services required to be rendered in case of manmade or natural disaster or any eventuality where the life is at risk;

clauses (h) to (j) XXX XXX XXX

(k) **"fire prevention and life safety measures"** means such measures as are necessary in accordance with the building bye-laws or as required by or under the provisions of any law or the National Building Code of India, for the time being in force, for the prevention, control and fighting of fire and for ensuring the safety of life and property in case of fire;

clause (l) XXX XXX XXX

(m) **"fire safety officer"** means a person appointed under section 12 of this Act as the Fire Safety Officer by the owners and occupiers of certain premises and buildings as specified in this behalf to ensure fire prevention and fire safety measures installed in such premises and buildings;

clause (n) XXX XXX XXX

(o) **"GDCR"** means the General Development Control Regulations made under clause (m) of sub-section (2) of section 12 of Gujarat Town Planning and Urban Development Act, 1976; **President's Act No. 27 of 1976.**

**Appointment of Fire Safety Officer.** **12.** (1) To ensure the effective fire prevention and life safety measures of the buildings or premises as may be specified by an order

by the State Government in this behalf, every factory or the owner and occupier or occupiers individually or jointly, as the case may be,-

(i) shall appoint a fire safety officer, having such qualifications as may be prescribed;

(ii) send the compliance report to the Regional Fire Officer or the Chief Fire Officer, as the case may be, under section 18.

(2) The fire safety officer so appointed under sub-section (1) shall, be issued by the Regional Fire Officer or the Chief Fire officer, as the case may be, the enrolment certificate under his signature and seal of the office in the prescribed form.

(3) In case of a vacancy of the fire safety officer appointed under sub-section (1), either on resignation or otherwise, the factory or the owner and occupier or occupiers individually or jointly, as the case may be, shall be required to immediately appoint the fire safety officer.

(4) In case of non-appointment of the fire safety officer, as envisaged under this section (1), the Regional Fire Officer or the Chief Fire Officer, as the case may be, may take such steps as he deems necessary, which includes report to the Labour Commissioner for the closure of the factory and in other cases to the relevant authority for necessary action under relevant law.

**Requisition of fire fighting property.**

**13.** (1) Where, the Director or the Chief Fire Officer or any other Fire Officer of any authority, who is in-charge of a fire fighting operation requires firefighting equipment or property of any other authority or any institution or individual, he may by order requisite such equipment or property for the purpose of extinguishing fire in any area and take possession thereof from the authority or any institution or individual, as the case may be.

sub-sections (2) and (3) XXX XXX XXX

**Power to enter into agreement.**

**16.** Notwithstanding anything contained in section 14, the Regional Fire Officer or the Chief Fire Officer of any authority or any other officer authorised in this behalf, may enter into agreement with any person who employs and maintains personnel or equipment or both for fire-fighting purposes, to secure, on such terms as may be prescribed, the provisions of that person of assistance for the purpose of dealing with fires occurring in any area.

**Heading of Chapter IV.**

## TRAINING TO FIRE PERSONNELS

**Requirement for fire prevention and life safety measures.**

**18.** (1) Without prejudice to the provisions of any other law or the rules, GDCR or building bye-laws made thereunder or the National Building Code of India, relating to fire prevention and life safety measures as in operation in the State for the time being in force, housing society or the owner or where the owner is not traceable, the occupier, who are either individually or jointly responsible, of a building as classified by regulations or part thereof, shall provide fire prevention and life safety measures therein :

Provided that the owner or the occupier, as the case may be, shall,

(i) provide minimum firefighting and life safety installations as provided in the regulations;

(ii) maintain the fire prevention and life safety measures in operational condition at all times, in the manner and specifications specified in regulations.

(2) The regulations so made shall be notified in the *Official Gazette*.

**Manner of compliance for prevention and life safety measures.**

**19.** (1) Notwithstanding anything contained in any other law for the time being in force, -

(a) no authority empowered to issue the occupancy certificate, shall issue the same, unless it is satisfied that the owner or the occupier, either individually or jointly, has complied with the provisions of section 18;

(b) XXX XXX XXX

(2) XXX XXX XXX

(3) The owners or occupiers, as the case may be, who are liable individually or jointly liable, for the building or part thereof, shall furnish to the Regional Fire Officer or the Chief Fire Officer or the nominated officer, certificate regarding the maintenance and operational condition of fire prevention and life safety measures, as specified by the regulations, issued by a Licensed Agency regarding the compliance of the fire prevention and life safety measures as required under the provisions of section 18.

**Suspension, termination and punishment.**

**21.** XXX XXX XXX

**Offences and penalties.**

**39.** (1) Whoever contravenes any of the following provisions,-

clauses (a) to (g) XXX XXX XXX

(h) under sub-section (2) of section 29 giving a certificate under sub-section (3) of section 19 without there being actual compliance or maintenance of fire prevention and life safety measures and equipment;

(2) and (3) XXX XXX XXX

**Failure to give information.**

**42.** Any person who without Just cause fails to communicate information in his possession regarding an outbreak of fire shall be deemed to have committed an offence punishable under section 176 of the Indian Penal Code, 1860. **45 of 1860.**

**Officers and employees to be public servant.**

**46.** Every officer or employee shall, when acting or purporting to act in pursuance of the provisions of this Act or of any rule or regulation made thereunder, shall be deemed to be a public servant within the meaning of section 21 of the Indian Penal Code. **45 of 1860.**

**57.** (1) XXX XXX XXX

(2) In particular and without prejudice to the generality of the foregoing provisions, such rules may provide for all or any of the following matters, namely:-

clauses (a) to (g) XXX XXX XXX

(h) prescribing the norms and qualification of the each category of Fire Safety Officer under sub-section (1) of section 12;

clauses (i) to (w) XXX XXX XXX

(3) and (4) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 3 OF 2021.**

***A BILL***

*further to amend the Gujarat Fire Prevention and Life Safety Measures Act, 2013.*

**[SHRI NITIN PATEL,**

**DEPUTY CHIEF MINISTER]**

**( As published in the Gujarat Government Gazette of 27th February, 2021)**

**D.M.PATEL,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

--------

Government Central Press, Gandhinagar.